**ધ કન્ટ્રિસાઈડ કોડ**

**(શહેર બહારના વગડા જેવા ખુલ્લા ગ્રામ્ય વિસ્તારો માટેની આચાર સંહિતા)**

***માન જાળવો - સુરક્ષા કરો - આનંદ માણો***

## જાહેર જનતા માટે સલાહ

ધીમે ધીમે ચાલવા જવા કે આરામદાયક પિકનિક કરવાથી માંડીને લાંબા અંતર સુધી ચાલવા જવું હોય કે પછી હૃદયના ધબકારા વધારવા માટેનું સાહસ ખેડવું હોય, કન્ટ્રિસાઈડ (શહેરની બહાર આવેલા વગડા જેવા ખુલ્લા ગ્રામ્ય વિસ્તારો)માં મજા કરવાની અને હળવા થવા માટેની બધી જ તકો મળી રહે છે.

તમે ચાલીને કે બાઈસિકલ ઉપર કે ઘોડેસવારી કરીને ફરવા માટે જઈ શકો તેવા અનેક ખુલ્લા મેદાનો, દરિયા કિનારાઓ, વન, નદીઓ અને જંગલો ઉપરાંત જાહેર જનતા અવર-જવર કરવાની પરવાનગી હોય તેવી હજારો માઈલોની કેડીઓ તેમજ નિશાનીઓ સાથેના અન્ય માર્ગો આવેલા છે. કન્ટ્રિસાઈડના અમુક વિસ્તારોમાં પર્વત, ઘાસ ઝાંખરાંવાળી, વેરાન, ચડ ઉતર થતી ટેકરિયાળ અને સાર્વજનિક જમીન જેને ખુલ્લી જમીન તરીકે નિયત કરવામાં આવી છે ત્યાં પણ તમે ચાલવા જઈ શકો છો.

- **સુરક્ષિત રહો – પહેલેથી આયોજન કરો અને કોઈ નિશાનીઓ મૂકેલી હોય તો તેને અનુસરો**
- **ઝાંપા અને જગ્યાઓ જે હાલતમાં તમને જોવા મળ્યાં હોય તે હાલતમાં જ છોડો**
- **છોડવા અને પ્રાણીઓની રક્ષા કરો અને તમારો કચરો ઘરે પાછો લઈ જાવ**
- **તમારા કૂતરાને તમારા કાબૂમાં રાખો**
- **બીજાં લોકોનો વિચાર કરો**

તમે જ્યાં પણ જાવ ત્યાં જો તમે 'કન્ટ્રિસાઈડ કોડ'નું પાલન કરશો, તો તમે શક્ય તેટલો સર્વોત્તમ આનંદ માણી શકશો અને તમે અત્યારે અને ભવિષ્યની પેઢીઓ માટે કન્ટ્રિસાઈડની રક્ષા કરવામાં મદદ કરશો.

**સુરક્ષિત રહો - પહેલેથી આયોજન કરો અને કોઈ નિશાનીઓ મૂકેલી હોય તો તેને અનુસરો**

તમે આસપાસમાં જ ક્યાંક જઈ રહ્યાં હો, તો પણ તમે ક્યાં અને ક્યારે જઈ શકો તેમ છો તેની છેલ્લામાં છેલ્લી માહિતી મેળવી લેવાનું સૌથી ઉત્તમ છે; દાખલા તરીકે, અમુક ખુલ્લી જમીન ઉપર જ્યારે કામ થઈ રહ્યું હોય તે દરમ્યાન સુરક્ષાનાં કારણોસર અથવા જનાવરોનાં બચ્ચાં જન્મવાની ઋતુ દરમ્યાન તે જમીન ઉપર જવાના તમારા અધિકારો કદાચ મર્યાદિત કરી દેવામાં આવ્યા હોય. સલાહ અને સ્થાનિક નિશાનીઓ અનુસરો, અને અણધારી પરિસ્થિતિ માટે તૈયાર રહો.

- અદ્યતન નક્શા કે માર્ગદર્શન આપતી પુસ્તિકાઓ જોઈ જાવ, **www.countrysideaccess.gov.uk** ની મુલાકાત લો અથવા સ્થાનિક માહિતી કેન્દ્રોનો સંપર્ક કરો.
- તમે તમારી પોતાની અને તમારી સંભાળ હેઠળ રહેલાં બીજાં લોકોની સલામતી માટે જવાબદાર છો, એટલે હવામાનમાં કે બીજા કોઈ સંજોગોમાં થનારા ફેરફારો માટે તૈયાર રહો. સાધનો અને સુરક્ષા વિશેની ખાસ સલાહ આપતી સંસ્થાઓ સાથેની લિન્ક્સ માટે **www.countrysideaccess.gov.uk** જુઓ અથવા ખુલ્લામાં આનંદ માણવા માટેનાં જૂથો યાદી માટે મુલાકાતીઓ માટેનાં માહિતી કેન્દ્રો અને લાઈબ્રેરીઓનો સંપર્ક કરો.
- તમે નીકળો તે પહેલાં હવામાનની આગાહી જાણી લો અને પાછા વળી જવામાં બીક રાખશો નહિ.
- કન્ટ્રિસાઈડની લોકપ્રિયતાનું એક કારણ એ છે કે તમે રોજની ખટપટથી દૂર જઈ શકો છો. તમે કદાચ કલાકો સુધી બીજો કોઈ માણસ નહિ જુઓ, અને એવાં ઘણાં સ્થળો છે જ્યાંથી મોબાઈલ ફોનનાં ચોખ્ખાં સિગ્નલો પણ મળતાં નથી, એટલે તમે ક્યાં જાવ છો અને ક્યારે પાછા ફરવાનો વિચાર છે તેની કોઈને જાણ કરીને જાવ.
- કન્ટ્રિસાઈડમાં વાપરવામાં આવતી કેડીઓ અને ખુલ્લી કન્ટ્રિસાઈડ બતાવતી નિશાનીઓ અને ચિહ્નો ઓળખો. જુઓ **www.countrysideaccess.gov.uk**.

**ઝાંપા અને જગ્યાઓ જે હાલતમાં તમને જોવા મળ્યાં હોય તે હાલતમાં જ છોડો**

કૃપા કરીને કન્ટ્રિસાઈડના કામકાજી જીવનનું માન જાળવો, કારણ કે આપણાં પગલાંથી લોકોની આજીવિકા ઉપર, આપણા ઐતિહાસિક વારસા ઉપર અને પ્રાણીઓ તેમજ આપણી પોતાની સલામતી તેમજ સુખકારી ઉપર અસર પડી શકે છે.

- કોઈ ખેડૂત સામાન્ય રીતે તેનાં ઢોર-ઢાંખરાંને અંદર રાખવા માટે દરવાજો બંધ રાખશે, પણ કેટલીક વાર તે કદાચ ખુલ્લો પણ રાખે જેથી ઢોરો ખોરાક અને પાણી માટે બહાર નીકળી શકે. તમને ઝાંપા જેવી હાલતમાં જોવા મળે તેમ જ રહેવા દો અથવા નિશાનીઓ ઉપર લખેલી સૂચના અનુસરો; જો જૂથમાં ચાલતાં હો તો છેલ્લે આવી રહેલી વ્યક્તિને ઝાંપો કેવી રીતે રાખવાનો છે તેની ખબર હોય તેની ખાતરી કરો.
- જો તમને લાગે કે કોઈ નિશાની ગેરકાનૂની કે ગેરમાર્ગે દોરે તેવી છે (દાખલા તરીકે, જાહેર કેડી ઉપર 'પ્રાઈવેટ - નો એન્ટ્રી' (અંગત - પ્રવેશ બંધ)ની નિશાની મૂકેલી હોય) તો લોકલ ઓથોરિટીનો સંપર્ક કરો.
- જે જમીનમાં પાક ઉગાડવામાં આવ્યો હોય, તે જમીન ઉપર જ્યાં શક્ય હોય ત્યાં પસાર થતી કેડી ઉપર ચાલો.
- જ્યારે પણ શક્ય હોય ત્યારે ઝાંપા કે જવા આવવા માટે બનાવવામાં આવેલાં પગથિયાંનો ઉપયોગ કરો - દીવાલો, વાડો અને જાળીઓ ઉપરથી કૂદીને જવાથી તેમને નુક્સાન થઈ શકે છે અને ખેતરનાં પ્રાણીઓ ભાગી છૂટવાનું જોખમ વધે છે
- આપણો ઐતિહાસિક વારસો આપણાં બધાંનો છે - ઈમારતોના અવશેષો અને ઐતિહાસિક સ્થળોમાં ખલેલ ન થાય તેનું ધ્યાન રાખો.
- મશીનો અને ઢોર-ઢાંખરાંને છંછેડો નહિ - પ્રાણીઓ તણાવમાં હોય એવું તમને લાગે તો પણ તેમની સાથે છેડછાડ ન કરો. તેના બદલે ખેડૂતને ચેતવવાનો પ્રયત્ન કરો.

## છોડવા અને પ્રાણીઓની રક્ષા કરો, અને તમારો કચરો ઘરે પાછો લઈ જાવ

અત્યારે અને આપણી ભાવિ પેઢીઓ માટે આપણા કન્ટ્રિસાઈડની રક્ષા કરવાની જવાબદારી આપણી છે, આથી તમે પ્રાણીઓ, પક્ષીઓ, છોડ કે વૃક્ષોને ઈજા ન કરો તેની ખાતરી કરો.

- કચરો અને બાકી વધેલો ખોરાક જ્યાં ત્યાં નાંખવાથી કન્ટ્રિસાઈડનું સૌંદર્ય બગડે છે એટલું જ નહિ, પણ તે જંગલી જાનવરો અને ખેતરનાં પ્રાણીઓ માટે ખતરનાક બની શકે છે અને તેનાથી રોગો ફેલાઈ શકે છે - એટલે તમારો કચરો તમારી સાથે ઘરે લઈ જાવ. કચરો ફેંકવો અને વસ્તુઓ જ્યાં ત્યાં નાંખી દેવી એ કાનૂની ગુનો છે.

- કુદરતી પર્યાવરણની સુંદરતા નિહાળો અને ખડકો, છોડવા તેમજ વૃક્ષો જેવી વસ્તુઓને ઈજા નહિ કરવી, તેમનો નાશ ન થાય કે તેમને ત્યાંથી ખસેડી દેવામાં ન આવે તે માટે ખાસ ધ્યાન રાખો. તે જંગલી જાનવરો માટે નિવાસ અને ખોરાક પૂરો પાડે છે, અને કન્ટ્રિસાઈડમાં દરેક જણના આનંદમાં વધારો કરે છે.

- જંગલી જાનવરો અને ખેતરનાં પ્રાણીઓની તમે બહુ નજીક જશો તો તેઓ અણધારી રીતે વર્તી શકે છે, ખાસ કરીને જો તેઓ તેમનાં બચ્ચાં સાથે હોય - એટલે તેમનાથી ઘણાં દૂર રહો.

- આગથી લોકોને અને મકાનને જેટલું નુક્સાન થાય છે, એટલો જ વિનાશ તેનાથી જંગલી જાનવરો અને વન્ય નિવાસસ્થાનોમાં થઈ શકે છે - એટલે વર્ષના કોઈ પણ સમયે દિવાસળી કે સળગતી સિગરેટનાં ઠૂંઠાં નહિ ફેંકવાનું ધ્યાન રાખો. કેટલીક વાર, વનસ્પતિને કાબૂમાં રાખવા નિયંત્રણ સાથેની આગનો ઉપયોગ કરવામાં આવે છે, ખાસ કરીને ઓક્ટોબર અને એપ્રિલની શરૂઆતના સમય દરમ્યાન પુષ્કળ ઘાસ-ઝાંખરાંવાળી અને વેરાન જમીન ઉપર. એટલે કૃપા કરીને **999** ઉપર ફોન કરતાં પહેલાં તે આગ ઉપર કોઈ દેખરેખ રાખનાર નથી તે તપાસી લો.

## કૂતરાંને કાબૂમાં રાખો

કૂતરાંને કસરત કરાવવા માટે કન્ટ્રિસાઈડ સર્વોત્તમ જગ્યા છે, પણ દરેક માલિકની એ ફરજ છે કે તેમના કૂતરા ખેતરનાં પ્રાણીઓ, જંગલી જાનવરો કે બીજાં લોકો માટે ખતરો કે ત્રાસદાયક ન બની જાય તેનું ધ્યાન રાખે.

- કાયદા અનુસાર, તમારે તમારા કૂતરા ઉપર કાબૂ રાખવો જરૂરી છે, જેથી તે ખેતરનાં પ્રાણીઓ કે જંગલી જાનવરો ખલેલ ન કરે કે ડરાવે નહિ. 1 માર્ચ અને 31 જુલાઈ દરમ્યાન ખુલ્લી વગડાની અને સાર્વજનિક જમીનના મોટા ભાગના વિસ્તારો ઉપર, તેમજ દરેક સમયે ખેતરનાં પ્રાણીઓ નજીક તમારે તમારા કૂતરાને ટૂંકી દોરી વડે બાંધેલો હોવો જરૂરી છે.
- જાહેર કેડીઓ ઉપર તમારે તમારા કૂતરાને દોરી બાંધવી જરૂરી નથી, જ્યાં સુધી તે તમારી નજીકમાં કાબૂ હેઠળ હોય. પણ એક સામાન્ય નિયમ તરીકે, જો તમને તમારા કૂતરાના આજ્ઞાપાલન ઉપર ભરોસો ન હોય, તો તેને દોરી બાંધેલી જ રાખો. કાયદા અનુસાર, જે કૂતરો તેમનાં પ્રાણીઓને ઈજા પહોંચાડે કે ચિંતા કરાવે તેવા કૂતરાનો નાશ કરવાનો ખેડૂતોને અધિકાર હોય છે.
- જો ખેતરનું કોઈ પ્રાણી તમારી અને તમારા કૂતરાની પાછળ પડે, તો તમારા કૂતરાને દોરીમાંથી છૂટો કરી દેવાનું વધારે સલામત છે - તેનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરવામાં તમને પોતાને ઈજા થવાનું જોખમ ન વહોરી લેશો.
- તમારો કૂતરો ઘેટાં અને તેમનાં બચ્ચાંને ડરાવે નહિ અને જમીન ઉપર માળો બાંધતાં પક્ષીઓ તેમજ અન્ય જંગલી જાનવરોને કદાચ ખલેલ પહોંચાડે તેવાં સ્થાને ભાગી ન જાય તેનું ખાસ ધ્યાન રાખો - ઈંડાં અને નાનાં બચ્ચાં તેમનાં માતાપિતાની સુરક્ષા વગર તરત જ મરી જશે.
- દરેક જણને ખબર છે કે કૂતરાની ગંદકી કેટલી જોવી ન ગમે તેવી હોય છે અને તે કેવી રીતે ચેપ ફેલાવી શકે છે. એટલે તમારા કૂતરાએ ગંદકી કર્યા પછી હંમેશાં તે સાફ કરી દો અને જવાબદારીપૂર્વક તે ગંદકીનો નિકાલ કરો. આ ઉપરાંત તમારા કૂતરાના મળમાંથી કીડાઓ નિયમિત રીતે નાબૂદ થાય છે તેની ખાતરી કરો.
- અમુક સમયે ખુલ્લી જમીનના અમુક વિસ્તારોમાં કૂતરાં લઈ જવાની મનાઈ હોઈ શકે છે, અથવા તેમને દોરી બાંધેલાં રાખવાં જરૂરી હોઈ શકે છે. કૃપા કરીને કોઈ નિશાનીઓ મૂકેલી હોય તેનું પાલન કરો. આ નિયમો વિશે તમને **www.countrysideaccess.gov.uk** ઉપરથી અથવા **openaccess@countryside.gov.uk** પર ઈ-મેઈલ કરવાથી અથવા **0845 100 3298** ઉપર ફોન કરવાથી પણ વધારે જાણવા મળી શકશે.

## બીજાં લોકોનો વિચાર કરો

કામે અને મનોરંજનનાં સ્થળોએ બીજાં લોકો પ્રત્યે ઘરે વિચારશીલ રહેવાથી અને તેમનું માન જાળવવાથી દરેક જણ માટે કન્ટ્રિસાઈડનું વાતાવરણ આનંદમય રાખી શકાય છે.

- નાના ગ્રામ્ય રસ્તાઓ ઉપર વાહનોની ભીડ, જોવી ન ગમે તેવી અને સ્થાનિક લોકો, મુલાકાતીઓ તેમજ જંગી જાનવરો માટે ખતરનાક હોય છે - એટલે ધીમાં પડો, અને જ્યાં શક્ય હોય ત્યાં તમારું વાહન ઘરે મૂકીને આવો. બની શકે તો બીજાં લોકો સાથે એક જ વાહનમાં આવવાનું રાખો અથવા બીજા વિકલ્પો, જેમ કે જાહેર વાહનોનો ઉપયોગ કરવાનું કે સાઈકલ ઉપર આવવાનું વિચારી જુઓ. જાહેર વાહનો વિશેની માહિતી માટે, ટ્રાવેલલાઈનને **0870 608 2608** ઉપર ફોન કરો અથવા ઉપયોગી લિન્ક્સ માટે **www.countrysideaccess.gov.uk** જુઓ.
- સ્થાનિક લોકોની જરૂરતોનું માન જાળવો - દાખલા તરીકે, ઝાંપા સુધી કે ઘર સુધી પહોંચવાના માર્ગો કે પ્રવેશ માટેની બીજી કોઈ જગ્યાઓ આડે તમારું વાહન ન મૂકો.
- ખેતરનાં પ્રાણીઓને જ્યારે એકઠાં કરવામાં કે ખસેડવામાં આવી રહ્યાં હોય ત્યારે તેમના રસ્તા વચ્ચેથી દૂર રહો અને ખેડૂતે આપેલી સૂચનાનું પાલન કરો.
- જ્યારે બાઈક કે વાહન ચલાવતી વખતે ઘોડા, ચાલનારાં અને ઢોર-ઢાંખરાં પસાર થતાં હોય ત્યારે ધીમાં પડો અને તેમને જવા માટે પુષ્કળ જગ્યા આપો. કાયદા અનુસાર, સાઈકલ સવારોએ ચાલનારાં અને ઘોડે સવારોને જવાનો રસ્તો આપવો પડે.
- ગ્રામ્ય અર્થતંત્રને ટેકો આપો - દાખલા તરીકે, તમારી જરૂરતની વસ્તુઓ સ્થાનિક દુકાનોમાંથી ખરીદો.

**જાહેર માહિતી**

કન્ટ્રિસાઈડમાં કેવી રીતે અને ક્યાંથી પહોંચવું તે માટે જુઓ **www.countrysideaccess.gov.uk** અથવા તમારા સ્થાનિક મુલાકાતી કેન્દ્ર કે લાઈબ્રેરીનો સંપર્ક કરો (યાદી માટે **www.yell.com** જુઓ).

પહોંચવા માટેના નવા અધિકારો વિશે માહિતી માટે, **www.countrysideaccess.gov.uk** જુઓ અથવા **openaccess@countryside.gov.uk** પર ઈ-મેઈલ કરો અથવા **0845 100 3298** ઉપર ફોન કરો.

| |
|---|
| આરક્ષણ વિશે ખાસ રસ ધરાવતા હોય તેવા વિસ્તારોમાં બાઈક કે કારથી જવા માટેના વધારાના માર્ગો વિશેની માહિતી અને નક્શા માટે વેબસાઈટ **www.countrywalks.defra.gov.uk** જુઓ.<br>અમુક ખાસ વિસ્તારોમાં દાખલ થવામાં કે રસ્તો મેળવાના અધિકારો અંગેની સમસ્યાઓ અંગે મદદ મેળવવા માટે, લાગતી વળગતી લોકલ ઓથોરિટીના કન્ટ્રિસાઈડ અથવા રાઈટ્સ ઓફ વે ડિપાર્ટમેન્ટનો અથવા નેશનલ પાર્ક ઓથોરિટીનો સંપર્ક કરો.<br>સ્કૉટલેન્ડમાં માર્ગો માટે અને સ્કૉટિશ આઉટડોર એક્સેસ કોડ વિશે વધારે માહિતી માટે, સ્કૉટિશ નેચરલ હેરિટેજ વેબસાઈટ **www.snh.org.uk/soac** જુઓ.<br>વેઈલ્સમાં માર્ગો માટે અને વેલ્શ કન્ટ્રિસાઈડ કોડ માટે, જુઓ **www.ccw.gov.uk** |

## કન્ટ્રિસાઈડ કોડ - જમીનની જવાબદારી ધરાવતાં મેનેજરો માટે સલાહ

કન્ટ્રિસાઈડની મુલાકાત લેતાં લોકો સ્થાનિક અર્થતંત્રને અગત્યની આવક પૂરી પાડે છે. મોટા ભાગનાં લોકોને જોઈ શકાય તેવા માર્ગ ઉપર આગળ જવાનું ગમે છે, જવા આવવા માટેનાં યોગ્ય સ્થળો, જેમ કે ઝાંપાનો ઉપોયોગ કરવાનું વધારે પસંદ હોય છે અને સામાન્ય રીતે જે સાચું છે તે જ કરવા માગતાં હોય છે - પણ તેમને તમારી મદદની જરૂર છે.

| |
|---|
| **તમારા અધિકારો, જવાબદારીઓ અને ફરજો જાણો**<br>• તમારી જમીન ઉપર લોકો ક્યાં જઈ શકે?<br>• લોકો તમારી જમીન ઉપર હોય ત્યારે તેમને કયા નિયમો લાગુ પડે છે?<br>• તમારી જમીન ઉપર બીજાં લોકો હોય તેમના પ્રતિ તમારા અધિકારો અને જવાબદારીઓ શું છે?<br>**મુલાકાતીઓ માટે જવાબદારીપૂર્વક વર્તવાનું સહેલું બનાવો**<br>• તમારી જમીન ઉપર જવાબદારીપૂર્વક લોકો આવી-જઈ શકે અને કન્ટ્રિસાઈડ કોડનું પાલન કરે તે માટે તમે કેવી રીતે તેમને મદદ કરી શકો?<br>• તમને કઈ મદદ અને સલાહ મળી શકે છે? |

**મુલાકાતીઓની સલામતી ઉપરના સંભવિત ભય ઓળખો**

- તમારી જમીન ઉપર લોકોની સલામતી ઉપર કોઈ જોખમો છે, અને તે જોખમો અંગે તમે કેવી રીતે પગલાં લઈ શકો?

## તમારા અધિકારો, જવાબદારીઓ અને ફરજો જાણો

- મુલાકાતીઓને જુદી જુદી રીતે જમીન ઉપર પ્રવેશ મેળવાની પરવાનગી હોય છે. આની તમને કેવી રીતે અસર થઈ શકે અને તમારા અધિકારો, જવાબદારીઓ અને ફરજો શું છે તે વિશે વધારે માર્ગદર્શન માટે, તમારી લોકલ ઓથોરિટીનો અથવા નેશનલ પાર્ક ઓથોરિટીનો સંપર્ક કરો અથવા આ વેબસાઈટ **www.countrysideaccess.gov.uk** પર લેન્ડ મેનેજર્સ સેક્શન જુઓ.
- 'ધ ઓર્ડનન્સ સર્વે'ના 1:25,000 નક્શા રસ્તાના જાહેર અધિકારો અને ખુલ્લી જમીનના અમુક નિયત કરાયેલા વિસ્તારો બતાવે છે. આ નક્શા સામાન્ય રીતે ભરોસાપાત્ર હોય છે પણ તે 'આખરી' નથી હોતી, એટલે તમારે તમારી લોકલ ઓથોરિટી સાથે રસ્તાના અધિકારોની કાનૂની પરિસ્થિતિની તપાસ કરવાની રહેશે. 'કન્ટ્રિસાઈડ એન્ડ રાઈટ્સ ઓફ વે એક્ટ 2000' હેઠળ માર્ગોના કયા વિસ્તારોનો નક્શો બનાવવામાં આવ્યો છે તે તમે **www.countrysideaccess.gov.uk** ઉપરથી જાણી શકો છો.
- કાયદા અનુસાર, તમારે રસ્તાના અધિકારો ચોખ્ખા રાખવા અને જઈ શકાય તેવી જમીન ઉપર લોકોને પ્રવેશવા દેવામાં અડચણ ન જ કરવી જોઈએ - ગેરમાર્ગે દોરતી નિશાનીઓથી જાહેર માર્ગો ઉપર જવાના અધિકારો વાપરતાં લોકોને રોકવા માટે ખોટી હરકત કરવી એ કાનૂની ગુનો છે.
- ગેરકાયદેસર પ્રવેશ મોટા ભાગે ઈરાદાપૂર્વક કરવામાં આવેલો હોતો નથી - ગેરકાયદેસર પ્રવેશ અંગે કાર્યવાહી કરવા માટેની સલાહ માટે **www.countrysideaccess.gov.uk** પર લેન્નેજર્સ સેક્શનમાં 'મેનેજીંગ પબ્લિક એક્સેસ એડવાઈઝ શીટ્સ' જુઓ. અથવા, **0845 100 3298** ઉપર ઓપન એક્સેસ કોન્ટેક્ટ સેન્ટરન પાસેથી તેની નકલ મેળવી શકાય છે.

## મુલાકાતીઓને જવાબદારીપૂર્વક વર્તવાનું સહેલું બનાવો

- કેડીઓ, હદો, રસ્તો બતાવતાં ચિહ્નો, નિશાનીઓ, ઝાંપા અને વાડ કે ભીંત ઉપરથી જવા આવવાનાં પગથિયાં વગેરેને સારી હાલતમાં રાખવાથી, તમારી જમીનમાં થઈને આવવા જવા માટેના માર્ગની

સંભાળ રાખવામાં મદદ થશે. કઈ મદદ મળી શકે છે તે જાણવા માટે તમારી લોકલ ઓથોરિટી અથવા નેશનલ પાર્ક ઓથોરિટીનો સંપર્ક કરો.

- જ્યાં હદ તરીકે મૂકવામાં આવેલી કોઈ વસ્તુ, જેમ કે જાળી કે વાડમાં થઈને માર્ગ જતો હોય, ત્યાં તમારાથી થઈ શકે તો વચ્ચે જગ્યા રાખો. જો એમ કરવું વ્યવહારુ ન હોય, તો જઈ આવી શકાય તેવો ઝાંપો વાપરો, અથવા એકદમ જરૂરી હોય તો પગથિયાં મૂકો. નવો ઝાંપો અને પગથિયાં લગાવતી વખતે, તમે લોકલ ઓથોરિટીની મંજૂરી મેળવી હોય તેની ખાતરી કરો.
- તમારી ઈચ્છાઓનું માન જાળવવા માટે, જ્યાં જરૂર પડે ત્યાં સ્પષ્ટ, વિનમ્ર માર્ગદર્શન આપો. દાખલા તરીકે, જમીનની જાળવણી કરવાનાં તમારાં કામો વિશે મુલાકાતીઓને જાણ કરવાથી તમારા રસ્તામાં આડે નહિ આવવામાં તેમને મદદ થશે.
- કચરો બીજા કચરાને આકર્ષે છે - ખેતરના કચરા જેવી વસ્તુઓનો યોગ્ય રીતે નિકાલ લાવવાથી, તમે લોકોને જ્યાં ત્યાં કચરો ફેંકતાં (ગેરકાનૂની રીતે કચરો નંખતાં) રોકશો અને તે રીતે બીજાં લોકોને જવાબદારીપૂર્વક કચરાનો નિકાલ લાવવા માટે પ્રોત્સાહિત કરશો.

## મુલાકાતીઓની સલામતી ઉપરના સંભવિત ભય ઓળખો

- 1957 અને 1984ના 'ઓક્યુપાયર્સ લાયેબિયલિટી એક્ટ્સ' હેઠળ સંભાળ રાખવાની તમારી ફરજનો આધાર માર્ગના અધિકારના પ્રકાર ઉપર રહેલો છે - એટલે જો તમારી જમીન ઉપર કોઈ અધિકારો લાગુ પડતા હોય તો તે કયા અધિકારો છે તે જાણવાનું અગત્યનું છે. વધારે માર્ગદર્શન માટે કન્ટ્રિ લેન્ડ એન્ડ બિઝનેસ એસોસિએશનનો **020 7235 0511** ઉપર અથવા નેશનલ ફાર્મર્સ યૂનિયનનો **0870 845 8458** ઉપર સંપર્ક કરો.
- તમારી જમીન ઉપરનાં માણસોને કારણે ઊભાં થયેલાં અને કુદરતી સંભવિત જોખમોનો વિચાર કરો અને જો તે જોખમો દેખીતાં ન હોય, તો તેને લોકોના ધ્યાન ઉપર લાવો.
- લોકો મુલાકાત લેતાં હોય તેવા વિસ્તારોની નજીકમાં, ખાસ કરીને સાંકડી પગદંડીઓની આજુબાજુમાં અને બાળક પહોંચી શકે તેટલી ઊંચાઈએ, ઈલેક્ટ્રિક જાળીઓ અને બીજાં જોખમોનો ઉપયોગ ન કરો. કાંટાવાળા વાયર કરતાં સાદા વાયરોનો ઉપયોગ કરવાની સખત ભલામણ છે.

- જે પ્રાણીઓ મુલાકાતીઓ ઉપર હુમલો કરી બેસે તેવી શક્યતા હોય તેમને જ્યાં લોકો જઈ શકતાં હોય તેવી જગ્યાએ છૂટાં હરવા ફરવા ન દેવાં જોઈએ - આના પરિણામે થયેલા નુકસાન માટે તમે જવાબદાર ઠરી શકો.

**જમીનની જવાબદારી ધરાવતાં મેનેજરો માટેની માહિતી**

'મેનેજીંગ પબ્લિક એક્સેસ એડવાઈઝ શીટ્સ' માટે, **www.countrysideaccess.gov.uk** ઉપર લેન્ડ મેનેજર્સ સેક્શન જુઓ અથવા **0845 100 3298** ઉપર ઓપન એક્સેસ કોન્ટેક્ટ સેન્ટરને ફોન કરો.

નક્શા અને કન્ટ્રિસાઈડ એન્ડ રાઈટ્સ ઓફ વે એક્ટ હેઠળ માર્ગ મેળવવાના અધિકારો વિશેની માહિતી માટે, **www.openaccess.gov.uk** ઉપર લેન્ડ મેનેજર્સ સેક્શન જુઓ અથવા **0845 100 3298** ઉપર ઓપન એક્સેસ કોન્ટેક્ટ સેન્ટરને ફોન કરો.

અમુક ખાસ વિસ્તારો અથવા રસ્તાના અધિકારો અંગેની સમસ્યાઓ માટે, તમારી લોકલ ઓથોરિટીના કન્ટ્રિસાઈડ અથવા રાઈટ્સ ઓફ વે ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરો અથવા મદદ માટે લાગતી વળગતી નેશનલ પાર્ક ઓથોરિટીનો સંપર્ક કરો.યાદીઓ માટે **www.countrysideaccess.gov.uk** અથવા સ્થાનિક ફોન ડિરેક્ટરી જુઓ.